MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર


www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684




વર્ષ : 13 ● અંક : 31 ● સળંગ અંક : 518● મુંબઈ ● શુક્રવાર ● તા.21 ઓગસ્ટ – 27 ઓગસ્ટ 2020 ● પાના : 16+4=20 ● કિંમત રૂ.4



# આઈ એમ ન્યૂ ઘાટકોપર દ્વારા સ્વચ્છતા કર્મચારીના હસ્તે ધ્વજવંદન કરાયું



આઈ એમ ન્યૂ ઘાટકોપર દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ૧૪ તથા ૧૫ ઓગસ્ટની રાત્રે સ્વતંત્રતા દિવસની ધ્વજવંદન કરી ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વિચારો-સર્વ ધર્મ સમભાવ અને ઉંચનીચના ભેદભાવ વગર સ્થાનિક વિસ્તારમાં સ્વચ્છતાનું કાર્ય કરી રહેલ કર્મચારી જે હાલના કોરોના સમયમાં ખૂબ અગત્યનું અંગ-કોરોના વોરીયર છે તે શિવકુમાર આર. સિંહ (શિવા)ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે જતીન કોઠારી, રાજેશ ઠક્કર, સંજય પટવા (જૈન ટીવી), આદિત્ય ઠક્કર ઉપસ્થિત રહેલ.

# ગણેશોત્સવ પહેલા મનપા એન વોર્ડ સજ્જ

**ઘાટકોપર એન વિભાગ દ્વારા ૧૪૦ સાર્વજનિક ગણેશ મંડળોને પરવાનગી**

**એન વોર્ડના ૧૧ વિભાગોમાં પાંચ સ્થળે કૃત્રિમ તળાવની વ્યવસ્થા**

**ગારોડિયા નગર, બેસ્ટ કોલોની પાછળ, પંતનગર આચાર્ય મેદાન, ભટ્ટવાડી, માણેકલાલ મેદામાં કૃત્રિમ તળાવ તૈયાર**

**મૂર્તિ વિસર્જન માટે સ્વયંસેવકના માધ્યમે ટ્રકની વ્યવસ્થા**

# શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળામાં ઉત્સાહપૂર્વક ઊજવચેલ ૭૪મો સ્વાતંત્ર્યદિન પર્વ





શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળામાં તા.૧૫/૮/૨૦નાં શાળાનાં પ્રાંગણમાં ઉત્સાહથી ૭૪મો સ્વાતંત્ર્યદિન ઉજવવામાં આવ્યો. મુખ્ય મહેમાન શાળાનાં ખજાનચી શ્રીમતી ભદ્રાબેનના વરદ હસ્તે ત્રિરંગાને લહેરાવ્યો ત્યારે, શાળાસમિતિનાં સભ્યો તથા ગુજરાતી અને અંગ્રેજી વિભાગનાં આચાર્યા , શિક્ષકાબહેનોતથા કર્મચારીગણે ત્રિરંગાને રાષ્ટ્રગીત દ્વારા સલામી આપી સમ્માન કર્યું .

મુખ્ય મહેમાને પોતાના મનોભાવ વ્યક્ત કરતા માતૃભૂમિ ને બિરદાવી અને કહ્યું કે, સંસ્કારની સાથે સંસ્કૃતીની તપોભૂમિ છે કોરોનાનાં કપરા કાળમાં આપણી બધાંની જીવનશૈલી બદલાઈ છે જેમાં આપણે સાદગીથી, કરકસરથી, આત્મનિર્ભરથી જીવતા શીખ્યા. નવી શૈક્ષણીક પદ્ધતિ ને અપનાવી માતૃભાષામાં શિક્ષણ ફરજિયાત જરૂરી છે .

આ સમગ્ર કાર્યક્રમ આધુનિક ટેક્નોલોજી દ્વારા શાળા સમિતિનાં સભ્યો, ભૂતપૂર્વ આચાર્યા, આમંત્રિત મહેમાનો સાથે પ્રમુખ શ્રીમતી મંજુલાબેન શાહે **zoom** માધ્યમથી નિહાળ્યો. મંજુલાબેને દેશને સ્વતંત્ર કરવા માટે ન્યોછાવર થનારા શહીદોને યાદ કર્યા, સ્વદેશી માલનો સ્વીકાર અને પરદેશી માલનો અસ્વીકાર કરવા કહ્યું, આપણી એકતા જ આપણું બળ છે અને બે પ્રણ લેવાનું સૂચન કર્યું, દેશની અખંડતા અને એકતા અને બીજુ આત્મનિર્ભર બનવા કટીબદ્ધ થવુ કાર્યક્રમમાં સંમેલીત થવા બદલ આભાર વ્યક્ત કર્યો .

ત્યારબાદ 'ભારત માતા કી જય' નાં કોમીનારા સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ.




**મરણનોંધ માટે**

મુંબઈના દૈનિક અખબારોમાં મરણનોંધ પ્રકાશિત કરવા માટે લેટરપેડ પર મરણનોંધ લખી જરૂરી પ્રુફ સાથે નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરો.

**9869038095**
**9022379684**


# લિઓ ક્લબ ઓફ ઘાટકોપર દ્વારા પોલીસને માસ્કનું વિતરણ









લિઓ ક્લબ ઓફ ઘાટકોપર દ્વારા પ્રેસિડન્ટ લિઓ પોલોમિ કાસ્લીવાલના નેતૃત્વમાં પોલીસ અધિકારીઓને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ ચેએરપર્સન ઈમેજ બિલ્ડીંગ લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૧ એ-૨ લાયન સંગીતા કાસલીવાલ દ્વારા લાયન્સનાં લોગો સાથેનાં માસ્કનું વિતરણ કોરોના વોરીયર્સ-સ્વચ્છતા કર્મચારીઓને કરાયું હતું.


**પંચગની હવા ફેર**

પ્રકૃતિના સાનિધ્યમાં, સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં હવા ફેર કરવા પધારો.

શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.

૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.

**રાજલક્ષ્મી આરોગ્યધામ**

મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709

સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4







સર્વેને
'શ્રી ગણેશોત્સવ'ની
હાર્દિક શુભકામના...

આવો ઉજવીએ
ઈકો ફ્રેન્ડલી ગણેશોત્સવ
ભક્તિ, સુરક્ષા અને
આનંદનો અનેરો ઉત્સવ







સર્વેને હૃદયપૂર્વક
'મિચ્છામિ દુક્કડમ્'

શુભેચ્છક : રાજેશ ઠક્કર

*Rajesh Thakkar*
*8291713970*

*Aditya Thakkar*
*9619970777*


NBC

NUT BOLT Centre™
Since 1989

Mfg. & Wholesellers of : All Types of Bolt, Nut, Washer
Specialist In : Foundation Bolt & Big size Bolt
Approved : Government Supplier
Authorised Distributor : TiE MARK FASTENERS

1, Shankar Apartment, Near Hari Niwas Circle, L. B. S. Marg, Opp. Axis Bank,
Thane (W.), 602. Tel.: 25408101 / 25401098 Email: nutboltcentre@gmail.com
Website : www.nutboltcentre.com

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૦૧-૧૧-૧૯૪૭

અરિહંતશરણ
૦૬-૦૮-૨૦૨૦

## સ્વ. શ્રી. બીપીનભાઈ અજમેરા

પરિવાર પ્રત્યે પ્રેમ રાખી ધર્મમય વારસાનું સીંચન કર્યું
પરિવારને પ્રેમ તાંતણે બાંધ્યા,
કુટુંબ વાત્સલ્ય, પરમમાં શ્રદ્ધા, સર્વ પ્રત્યે પ્રેમ, દયા,
કરુણા અને બીજાને કાજે કંઈક કરી છૂટવાની આપની
ઉદાર ભાવના અમને પ્રેરણા આપ્યા કરશે
અમને ગર્વ છે આપના પરિવાર હોવાનો

આપણા સંઘના સંનિષ્ઠ સેવાભાવી સુશ્રાવક બીપીનભાઈ અજમેરાએ અચાનક અરિહંત પ્રભુનું શરણું સ્વીકારી લીધુ અને પરિવારજનો તથા શ્રી સંઘમાંથી વિદાય લઈ લીધી... આપણે સૌ ઘેરા દુઃખની લાગણી અનુભવી રહ્યા છીએ. અજમેરા પરિવાર પર વજ્રઘાત પડ્યો અને શૂન્યાવકાશ છવાઈ ગયો. આવી પડેલા સમયનો સ્વીકાર કરીને કર્મના સિધ્ધાંતને માન્ય રાખવો પડે છે. સેવા અને સત્કાર્યોને આપશ્રી એ જીવનમાં પ્રાધાન્ય આપ્યું હતું. સમયની રેતી સરતી જ રહે છે. આંસુની કિંમત સ્વજનની વિદાયથી સમજાય છે. પરિવારજનોએ વિશ્રાંતીના વડલા રૂપ વડીલની શિતળછાયા ગુમાવી છે અજમેરા પરિવાર પર આવી પડેલા સમયને સહન કરવાની પ્રભુ શક્તિ આપે..

અમે પ્રાર્થના કરીએ છીએ કે આપના દિવંગત આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ, પરમ સમાધિ આપે. જન્મોજનમ જૈન ધર્મ અને નવકારમંત્રનું સ્મરણમાં શ્રી સિમંધર સ્વામીના ચરણકમળમાં સ્થાન મળે... એજ

**શ્રી શાંતિ-સુધાપાર્ક જૈન સંઘના**
**શ્રધ્ધાંજલિ પુષ્પો...**


સર્વ જૈન ભાઈ-બહેનો
તથા આરાધક તપસ્વીઓને
અંતઃકરણ પૂર્વક
મિચ્છામી દુક્કડમ્
સર્વ ગણેશભક્તોને ગણેશોત્સવ નિમિત્તે
હાર્દિક શુભકામના
ભારતીય જનતા પાર્ટી
ManojKotakBJP Manoj_Kotak 9821163742
મનોજ કોટક
સાંસદ ઈશાન્ય મુંબઈ લોકસભા


मिच्छामी दुक्कडम्
परस्परोपग्रहो जीवानाम्
ક્ષમાપના ભાવથી મનનો ભાર કરીએ હળવો
મહાવીર પ્રભુનો માર્ગ નિરાળો
ગણેશ ભક્તોને
ગણેશોત્સવની
હાર્દિક
શુભેચ્છા
શ્રી યોગેશ બાવીસી
મમતા બાવીસી • આકાંક્ષા બાવીસી











(૧) પ્રેસીડેન્શીયલ ટાવર ઘાટકોપર વેસ્ટ ખાતે આવેલ દેરાસરની સુંદર આંગી રચના (૨-૩) અહીં રહેતા અનિલભાઈ દોશી પરિવાર દ્વારા મહાવીર જન્મની વિશેષ ઉજવણી (૪) અહીં રહેતા મનિષ શાહના ઘરે મહાવીર જન્મ નિમિત્તે વિશેષ સજાવટ

# ગણેશ એક, ગાથા અનેક

**ચંદ્રેશ પારેખની કલમે....**





ભાદરવા સુદ ચોથ ને દિવસે ગણેશ ઉત્સવ આવે છે જે મહારાષ્ટ નહિ પણ ભારતભર તથા વિશ્વના અનેક દેશો માં ધામધૂમથી ઉજયવય છે. આ વખતે કોરોનનો વૈશ્વિક મહામારીના હિસાબે જાહેર સ્થોળોએ ઉજવાશે નથી પણ ગણેશ ભક્તો પોતાના ઘરે લાવે ધામધૂમથી ઉજવશેમ ગણપતિ બાળકોથી માંડીને મોટી ઉંમરના દરેક ના લાડીલા દેવ છે

શ્રીગણેશ સૌ પ્રથમ પુજાય છે. બુદ્ધિમાન છે. તે વિઘ્નહર્તા છે અને માટે જ મંગલકારી પણ છે. પ્રતિસ્પર્ધાના આ યુગમાં ગણેશજીના કથાનકમાંથી યુવાનોએ શીખવા જેવું છે. ભાદરવા મહિનાની શુક્લ પક્ષની ચોથના દિવસને ગણેશ ચતુર્થી કહે છે. ૧૧મી સપ્ટેમ્બરથી ગણેશોત્સવ શ થઈ ગયો છે. યુવાનો ગણેશોત્સવની ઉજવણીમાં ડૂબી ગયા છે. ગણેશોત્સવના આ માહોલમાં ગણેશ વિશે ઘણુ બધું જાણવું જોઈએ. તો આવો, જાણીએ દુંદાળા દેવ ગણપતિ દાદાના ફંડા, તેમનાં કામ અને તેમના જન્મ વિશેની રોચક કથાઓ...

શિવપુરાણ, વરાહપુરાણ, લિંગપુરાણ, બ્રવૈવર્ત પુરાણમાં ગણેશના જન્મની વિવિધ ગાથાઓ છે.

શિવપુરાણ મુજબ એક વખત ભગવાન શંકર તપ કરવા ગયા ત્યારે પાર્વતીજીએ વિચાર્યું કે આવા સમયે શિવલોકમાં મારી પાસે એક બુદ્ધિમાન અને આજ્ઞાંકિત સેવક હોય તો કેવું સારું! આથી પાર્વતીજીએ પોતાના શરીરના મેલમાંથી એક બાળકનું સર્જન કર્યું, તેમાં પ્રાણ પૂર્યા, પોતાની શક્તિ આપી અને તેને 'ગણેશ' નામ પણ આપ્યું. ગણેશજીના સર્જન પછી એક વખત પાર્વતીજી સ્નાન કરવા ગયાં. પાર્વતીજીએ ગણેશને આજ્ઞા આપી કે, 'હું સ્નાન કરવા જાઉં છું, આથી કોઈને ઘરમાં પ્રવેશવા ન દેતો.' ગણેશજી આજ્ઞાંકિત પુત્રની જેમ શિવલોકના દરવાજે દ્વારપાળની જેમ ઊભા રહી ગયા.

બીજી બાજુ રાક્ષસો સામેના યુદ્ધ પર વિજય મેળવી, જીતની પહેલી ખબર પાર્વતીજીને આપવા શંકર ભગવાન શિવલોક પહોંચ્યા. દ્વારપાળ બનેલા ગણેશે શંકર ભગવાનને શિવલોકમાં પ્રવેશતા અટકાવ્યા. ક્રોધિત થયેલા શંકર ભગવાને ગણેશનું મસ્તક છેદી નાખ્યું.

ગણેશજીના વધના સમાચાર નારદજીએ પાર્વતીને આપ્યા. સમાચાર સાંભળી ક્રોધિત થયેલાં પાર્વતી શંકર પાસે આવ્યાં અને પોતાના પુત્રને જીવિત કરવાની માગ કરી. આથી પાર્વતીને મનાવવા શંકર ભગવાને કહ્યું કે ગણેશનું મસ્તક મળવું શક્ય નથી, પણ એક પ્રાણીનું મસ્તક ગણેશના ધડ સાથે લગાવી તેમને જીવિત જર કરી શકાય. શંકર ભગવાને પોતાના ગણોને પ્રાણીનું મસ્તક લેવા મોકલ્યા અને કહ્યું જે પ્રાણી ઉત્તર દિશા તરફ મોઢું રાખી સૂતું હોય તેનું મસ્તક લઈ આવો. શંકરજીના ગણોને એક હાથીનું બચ્ચું મળ્યું. શંકર ભગવાને સૂંઢ સહિત હાથીના બચ્ચાનું મસ્તક ગણેશજીના ધડ પર લગાવી દીધું અને આશીર્વાદ પણ આપ્યા કે પૃથ્વીવાસીઓ કોઈ પણ કામની શઆત તારા નામ અને તારી આરાધનાથી કરશે. આમ ગણેશનો પુનઃ જન્મ થયો

વ્યક્તિત્વ આકર્ષક અને આકાર પ્રેરણાદાયી

શંકર ભગવાને ગણેશજીને આશીર્વાદ આપ્યા હતા કે જે વ્યક્તિ કોઈ પણ કાર્યની શઆત કરતાં પહેલાં ગણેશજીની પૂજા કરશે તેના કામમાં કોઈ પણ વિઘ્ન નહિ આવે. આથી ગણપતિને વિઘ્નહર્તા પણ કહેવાય છે. ગણેશજીનું વ્યક્તિત્વ તો આકર્ષક છે જ પણ તેમનો આકાર અને તેમનાં અંગો પણ પ્રેરણાદાયી અને ઉપદેશક છે.

ગણેશજીનું મોટું માથું કહે છે કે આપણે સારા વિચારો કરીએ, વધારેમાં વધારે શીખીએ. વધારે જ્ઞાન મસ્તકમાં ભેગું કરીએ. મોટું માથું એટલે જ્ઞાનથી ભરપૂર. આપણા દરેક અંગ કરતાં જ્ઞાનપી મસ્તક મોટું હોવું જોઈએ. ગણેશજીની નાની પણ વેધક, અણિયાળી આંખો કહે છે કે આપણે દિશાહીન થવાનું નથી પણ એકાગ્રતા મેળવી આપણી આંખને માત્ર અને માત્ર લક્ષ્ય પર કેન્દ્રિત કરવાની છે. દરેક કામ ઝીણવટથી કરી બાજ જેવી નજર રાખવી કે જેથી સમય પહેલાં સંકટોને નિહાળી શકાય. ગણેશજીના મોટા કાન કહે છે કે સૌનું સાંભળો અને પોતાના બુદ્ધિ-ચાતુર્યથી કામ લો. ગણેશજીનું લાંબુ નાક (સૂંઢ) હમેશાં આજુબાજુના વાતાવરણને સૂંઘી પરિસ્થિતિનો અંદાજ મેળવી લે છે. ગણેશજીનું મોટું પેટ કહે છે કે આપણે સારું ખરાબ બધું જ પચાવી જઈએ. સફળતાથી અભિમાન ન આવવું જોઈએ અને નિષ્ફળતાથી હતાશ ન થવું જોઈએ. ગણેશજીનું વાહન ઉંદર પણ તર્ક-વિતર્કમાં નંબર વન છે. તેનું કતરણ દુનિયામાં બેજોડ છે. મૂષકના આ ગુણે જ તેને ગણપતિનું વાહન બનાવ્યો છે. આ જ રીતે ગણેશજીનું આંતરિક પ પણ એટલું જ પ્રેરણાદાયી છે.

યુવા ગણેશના યુવાનો માટેના ફંડા

આધુનિક અને કોમ્પિટિશનના યુગમાં આજના યુવાનોને જાગૃતિ, એકાગ્રતા, બુદ્ધિ મેળવવા ગણેશજીને યાદ કરવા પડે. ગણેશજી આજના યુવાનોને ઘણું બધું શીખવે છે. આજના જમાનામાં ગણપતિના માર્ગે યુવાનો ટોપ સુધી પહોંચી શકે છે.

બુદ્ધિથી મળે કામયાબી : 'એક આઈડિયા જો બદલ દે આપકી જિંદગી.' આજે માત્ર એક આઈડિયાનો જમાનો છે. બિલ ગેટ્સના માત્ર એક આઈડિયાએ તેને વિશ્વનો ધનાઢ્ય બનાવ્યો. ગણેશજીએ પણ માત્ર પોતાની બુદ્ધિથી - એક વિચારથી જીત મેળવી હતી. તેમના વિવાદનો પ્રસંગ તમને યાદ જ છે ને!જ્યારે તેમનાં માતાપિતાએ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું કહ્યું તો ગણેશજીએ માત્ર આઈડિયાનો જ ઉપયોગ કર્યો. કાર્તિકેય તો બુદ્ધિ વાપર્યા વિના પ્રદક્ષિણા કરવા ચાલ્યા ગયા પણ ગણેશજીએ માતાપિતાનું પૂજન કર્યું અને તેમની સાત વાર પ્રદક્ષિણા કરી અને જીતી ગયા. આજના વિદ્યાર્થીઓએ ગણેશજીના આ ઉપાયનો ઉપયોગ કરવાની જર છે. આજનો જમાનો કંઈક અલગ કરવાનો છે. ગણેશજીએ કંઈક અલગ કરી બતાવ્યું, જેથી તે પૂજનીય બન્યા. સ્પર્ધાના આ યુગમાં આગળ આવવા આજના યુવાને આવી બુદ્ધિમત્તા વાપરવી જોઈએ. ચીલાચાલુ રસ્તા છોડીને સફળતાનો બીજો માર્ગ પકડો. માત્ર બુદ્ધિ વાપરો અને સફળ થાવ

સ્માર્ટ વર્ક મું સ્માર્ટ વર્ક જ તેમને પૂજનીય બનાવે છે. કોઈ પણ પરિસ્થિતિમાં શાંતિથી, બુદ્ધિથી સરસ રીતે કામ પાર પાડવું એ ગણેશજીની વિશેષતા છે. આજના યુવાને પણ ધૈર્ય પૂર્વક સ્માર્ટ વર્ક કરી સફળતા મેળવવી જોઈએ. કામમાં સ્વચ્છતા હશે તો સફળતા મળતાં વાર નહિ લાગે.

વ્યવહારિક કુશળતા : ગણપતિ પાસે અદ્ભુત વ્યવહારિક કુશળતા છે. તેમની પાસે રિદ્ધિ અને સિદ્ધિ છે. એટલે કે એક બાજુ સફળતા અને બીજી બાજુ સમૃદ્ધિ આ બંને વચ્ચે તાલમેલ બેસાડવાથી જ વ્યક્તિ સફળ થાય છે. કહેવાનો મતલબ સફળતા મળ્યા બાદ વ્યવહાર બદલાવો જોઈએ નહિ. યુવાનો માટે મહેનત સાથે સારો વ્યવહાર પણ ખૂબ જરી છે. જો વ્યવહારમાં કુશળતા નહિ હોય તો સફળતા વધારે ટકશે નહિ. તેથી ગણેશજી જેવું સંતુલન રાખતાં આજના યુવાનોએ શીખવું જોઈએ.

ગણપતિ બાપ્પા મોરયા એમ શા માટે કહેવાય છે?

હિન્દુ સમાજમાં શુભ પ્રસંગોએ 'ગણપતિ બાપ્પા મોરયા' એ પ્રકારનો જયઘોષ થતો હોય છે. ગણેશ મહોત્સવ પ્રસંગે સવાર-સાંજ થતી આરતી તથા વિસર્જનની શોભાયાત્રાના સમયે 'ગણપતિ બાપ્પા મોરયા'ના નાદથી આકાશ ગાજી ઊઠે છે. તેથી ઘણાના મનમાં પ્રશ્ન થતો હોય છે કે આ મોરયા એટલે શું?

ગણપતિદાદાના નામની પાછળ મોરયા શબ્દ જોડાવા પાછળ એક કથા સંકળાયેલી છે. વર્ષો પૂર્વે મહારાષ્ટ્રમાં મયુર પંત એટલે કે મોરોપંત નામના એક પ્રખર ગણેશભક્ત સંત-કવિ થઈ ગયા. આ મોરોપંતના નામનું અપભ્રંશ થઈને મોરયા નામ પડ્યું. તેમની પ્રખર ગણેશભક્તિને કારણે લોકો તેમને સાક્ષાત ગણપતિનો અવતાર જ ગણવા લાગ્યા. એક લોકવાયકા પ્રમાણે મોરોપંતની ભક્તિથી પ્રસન્ન થઈને સ્વયં ગણેશજીએ તેમને વરદાન આપ્યું કે 'તારું નામ મારા નામની સાથે જોડાઈને અમર થઈ જશે' ત્યારથી 'ગણપતિ બાપ્પા મોરયા'એ જયઘોષ પારંપારિક રીતે કરવામાં આવે છે.

ગણેશના નામમાં જ સંદેશ છે

ગજાનન ગણેશની વ્યાખ્યા કરીએ તો સમજાશે કે 'ગજ' બે વ્યંજનોથી બનેલો છે, જેમાં 'જ' એટલે જન્મ અને 'ગ' એટલે ગતિ. ઉપરાંત ગજ શબ્દ ઉત્પત્તિ અને અંતનો સંકેત પણ આપે છે. જ્યાંથી આવ્યા છો ત્યાં જ જવાનું છે. જે જન્મે છે તે મૃત્યુ પામે છે. યુવાનોને એક લીટીમાં કહું તો શું લઈને આવ્યા છીએ ને શું લઈને જવાના? લોભથી દૂર રહેવું, પ્રામાણિક રહેવું. ગણેશજી પ્રારંભથી જ આ શીખવે છે

છેલ્લે અપને બાપાને પ્રાર્થના કરીયે કે કોરોનની વૈશ્વિક મહામારી નો અંત લાવે અને ફરી પાછું વિશ્વ પહેલા જેવું કામ કરતુ થઈજાયમ

મારા વતી સર્વે ગણેશ ભક્તોને ગણેશઉત્સવ ની અનેકાનેક હાર્દિક શુભ કામના

## ઈન્ટરનેશનલ વુમેન્સ એક્સિલન્સ એમ્પાવરમેન્ટ સાંસ મનોજ કોટક દ્વારા પ્રેરીત weepreneur પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન થયું




ઈન્ટરનેશનલ વુમેન્સ એક્સિલન્સ એમ્પાવરમેન્ટ સાંસ મનોજ કોટક દ્વારા પ્રેરીત **weepreneur** પ્રોજેક્ટ તા.૯ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ મુંબઈ ભાજપા અધ્યક્ષ શ્રી મંગલ પ્રભાત લોઢાજી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટમાં મહિલાઓને વ્યાપાર ક્ષેત્રે પ્રોત્સાહન આપવા પ્લગ ટુ પ્લે રેડી જગ્યા વિના મુલ્યે તાત્પુરતા ધોરણે ફેક્ટરી માટે ભૂમિવર્લ્ડ ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં આપવામાં આવશે. **International Week** દ્વારા સતત છેલ્લાં ૩ રવિવારથી અલગ અલગ ક્ષેત્રની મહિલાઓને એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા. ત્રણ રવિવાર સતત મહિલાઓના લાઈવ કોન્કલેવ આયોજીત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સચિન રૂપારેલ દ્વારા કરાયું હતું. પ્રોજેક્ટ કન્વીનર અને ફાઉન્ડર નિહારિકા શાહ દ્વારા અન્ય ફાઉન્ડર રીટા હરિયા, વૈશાલી કારાણી, પુનમ દેઢિયા, રશ્મિ ગાલા, દીપ્તિ વોરા, કલ્પના નંદુ, ગોપી મહેતાની મદદથી કાર્યક્રમ સફળ થયો હતો. મેન્ટોર વિજયા છેડા, હર્ષા મહેતા અને વૈશાલી ખીલાણીએ પણ ખૂબ જ સુંદર સાથ સહકાર આપ્યો હતો. ૩ રવિવારના આ કાર્યક્રમના સ્પોન્સરર સનસાઈન ગ્લોબલ ફાઉન્ડેશનના પ્રેક્ષા ઉર્વી ભરત ટાંક પરિવાર હતા.

## સમાધાન શિંદે યુવા મંચ દ્વારા ૭૦૦૦ સેનેટાઈઝરનું વિતરણ



ઘાટકોપરમાં સમાધાન શિંદે યુવા મંચના સંસ્થાપક સમાધાન શિંદે દ્વારા ૩૦૦૦ તુલસીના રોપા તથા ૭૦૦૦ સેનેટાઈઝરનું વિનામુલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું. ઘાટકોપરના ભટ્ટવાડી, કાતોડીપાડા, ખંડોબા ટેકડી આ ડુંગરાળ વિસ્તારમાં આવેલ ઝુપડપટ્ટીમાં કોરોનાના કેસ ગણેશોત્સવ વગેરે તહેવારો દરમ્યાન ન વધે તે માટે લોકોને સતર્ક રહેવા, માસ્ક પહેરવા અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવાના આશયથી આ વિશેષ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શ્રી જલારામ મંદિર બર્વેનગર ભટવાડી

ઘાટકોપર (વે) બર્વેનગર-ભટવાડી વિસ્તારમાં આવેલ શ્રી જલારામ મંદિરમાં શ્રી ગણેશોત્સવ અતિ ઉત્સાહથી ઉજવવામાં આવશે. આશુભ અવસરે સવારની ૮ કલાકે શ્રી જલારામ બાપાની સાથે શ્રી ગણેશજીની દિવ્યતમ આરતી સ્તુતી પાઠ તેમજ સાંજના ૭.૩૦ કલાકે સંધ્યા આરતી તેમજ ભાવિક ભક્તો દ્વારા ભજન કિર્તન કરવામાં આવશે. સૌને દર્શન કરવા ભાવણયું આમંત્રણ છે (અવશ્ય લાભ લેજો)

મંડળ દ્વારા જલારામ 'ભક્તિ જ્ઞાનસાગર' નવી ભજનાવલી (૯મી આવૃતી) પુનઃ પ્રકાશીત કરવામાં આવેલ છે. જેમાં નિત્યપાઠ-લોકપ્રિય-ભજનો-રાસગરબામાં ગવાતા ગીતો-સ્તુતિપાઠ આરતી-થાળ, સુંદર વિચારો તેમજ ગુજરાતી સમાજના અતિથીગ્રહોની સુંદર માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

## કિરીટ સોમૈયા અને તેમના પત્ની કોવિડ૧૯ મુક્ત થઈને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા






ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અને લોકપ્રિય નેતા તેમજ ઈશાન મુંબઈના ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયા અને તેમના પત્ની મેધા સોમૈયા જે ગયા અઠવાડિયે કોરોનાગ્રસ્ત થવાથી મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલમાં દાખલ થયા હતા તે ૧૦ દિવસ હોસ્પિટલમાં રહ્યા પછી તેમની બન્નેની કોરોના ટેસ્ટ નેગેટીવ આવતાં તેમણે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યું હતું.

આ બાબતે કિરીટ સોમૈયાએ સોશિયલ મીડિયા પર મુકેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે હું અને મારી પત્ની મેધા સોમૈયા મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલમાં ડો. રાહુલ પંડિતના માર્ગદર્શન હેઠળ ૧૦ દિવસની સારવાર લીધા બાદ હવે કોવિડ-૧૯થી સંપૂર્ણ સ્વસ્થ થઈને ઘરે પરત થયા છીએ. હવે હું ફરીથી કોવીડ સામે જંગ કરીને સામાન્ય જનને મદદ કરવા સજ્જ થઇ રહ્યો છું.





RAJSHREE™
BUILDERS
Building A Future Into Every Home
Formerly known as Raj Rajeshwari Builders
Happy Ganaesh Chaturthi
Michhami Dukkadam
info@rajshreebuilders.com
+91 97692 18152 /53

# ઘાટકોપરના દેરાસરોમાં પર્યુષણ નિમિત્તે આંગીની વિશેષ સજાવટ



૬૦ ફૂટ રોડ, જૈન દેરાસર




નવરોજી લેન દેરાસર





નાગેશ્વર પાર્શ્વધામ, ગાર્ડન લેન





સુધા પાર્ક, જૈન સંઘ



જીરાવલ્લા પાર્શ્વનાથ, દેરાસર લેન



અજારા પાર્શ્વનાથ દેરાસર જીવદયા લેન

## ધન્ય તપસ્વી... ધન્ય તમારી તપસ્યા



સલોની શાહ
૩૦ ઉપવાસ



ભૂમિ પારેખ
૩૦ ઉપવાસ



પંકજ સાવલા
૯ ઉપવાસ





॥ ગણપતિ બાપા મોરયા ॥

સૌને આપો સુખ સમૃદ્ધિ, સૌ કોઈ રહે ખુશ
સૌના આનંદમાં થાય વૃદ્ધિ



'ગણેશ ચતુર્થીની
હાર્દિક શુભકામના'



જૈનમ્ જયતી શાસનમ્

જાણતા અજાણતા થયેલ ભૂલોનો સ્વીકાર કરી માંગીએ ક્ષમાપના...

'મિચ્છામિ દુક્કડમ્'

પ્રમુખ શ્રી જેઠાલાલ લક્ષ્મીચંદ દેઢિયા તથા સમસ્ત કારોબારી સમિતિ


જેજેસી - રોયલ જગડુશા



પર્યુષણ પર્વની શુભકામના તેમજ
હૃદયપૂર્વક 'મિચ્છામિ દુક્કડમ્'
ગણેશોત્સવની શુભેચ્છા
શુભેચ્છક
શૈલેષભાઈ શાહ
(નાગેશ્વર )

# કાળજી જીવનમાં મહત્વની બાબત

## શબ્દોનું સ્પંદન



પ્રા. બિંદુ મહેતા

આજે કોરોના કાળ ચાલી રહ્યો છે. ત્યારે આપણે ચોરે ન ચૌટે માધ્યમમાં કે લોકોને કહેતા સાંભળીએ છીએ કે કોરોનાથી બચવા આ કાળજીની આવશ્યક્ત છે. આપણે આપણા સ્વભાવવા મુજબ અમુક બાબતોની કાળજી લઈએ છીએ અને ઘણી બાબતમાં બેકાળજી રાખીએ છીએ ત્યારે આપણે તેના ફળો પરિણામો ભાગવવા પડે છે. માણસે પોતાના જીવન કાળ દરમ્યાન પોતાની પરિવારની અને પોતાની આસપાસના પરિસરમાં આવી જતા જીવ અજીવને બધાનીજ કાળજી લેવાની જરૂરીયાત કે ફરજ બની રહે છે. ઘણી બાબતો જતનથી જળવાઈ જાય છે અને બે કાળજીથી બગડી જાય છે. આપણે રાત્રે સુતા હોઈએ ને સુવા ફેર થતા નસ કે શરીર જકડાઈ જાય છે. જમીન પર પગ મુકતા બેધ્યાન થતા પડી પણ જવાય કાંઈ વિચારમાં આપણે હોઈએ તો ઘણી જ જગ્યાએ ગોથુ ખાઈ જઈએ છીએ એક કામ સાથે બાજુ કરતા કે વિચાર ચડી જતા દુધ ઉભરાઈ જાય કે રોટલી રોટલા બળી જાય છે. આપણાં મોઢે આપણે બોલીએ છીએ કે વસ્તુ ખોવાઈ ગઈ વસ્તુને પગ નથી કે ચાલી જાય કે રોટલી રોટલા બળી જાય છે આપણા મોઢે આપણે બોલીએ છીએ કે વસ્તુ ખોવાઈ ગઈ વસ્તુને પગ નથી કે ચાલી જાય આપણે તે ક્યાં મુકી છે તે યાદ કે ધ્યાનમાં નથી સમયની કાળજી બહુજ જરૂરી છે. ગયેલો સમય પાછો આવતો નથી સમયને સંજોગો પરિસ્થિતિના સંદર્ભમાં પણ લઈએ ત્યારે કયા સમયે કયું વર્તન વ્યવહાર બરાબર છે તે પણ અગત્યનું છે જેટલી શરીરની કાળજી અગત્યની છે. તેટલી જ સંબંધોની માવજત જાળવણી અનિવાર્ય છે સંબંધોને પણ પ્રેમ માયા મમતાથી ઉછેરવા પડે છે. દરેક સફળતાની સીડી સંબંધો નામના શ્વસથી જ ચડાય છે. શરીર મન અને સંબંધો જાણતા અજાણતા પણ એક બીજાની અસર તળે આવે છે. માટે સામાન્ય લગતી બાબતમાં પણ બે કાળજી ન ચલાવી લેવાય વ્યક્તિને કોઈ બાબતનું ચોક્કસ જ્ઞાન હોય આવડતને હોંશીયારી પણ સારી છતાં પણ કામબાબત કાળજી ન હોયતો કોઈપણ કામ ઉજવળ પરીણામ લાવી શકદહતુ નથી પહેલું સુખતે જાતે નર્યાની વાત આપણે કરીએ છીએ તેના માટે પણ રોગ પ્રતિકારક શક્તિ વધારવાની કાળજી લેવા છતાં પણ કાંઈ આપણી ઈચ્છઆની બહાર પણ બને તેવે વખતે નિવારણના પગલા ત્વરીત લેવાથી બાજી સુધરી જાય છે. એક વિદ્વાન ભાઈ જે જૈન સાધવીજી અને સાધુભગવંતોને ધર્મનું ભણાવે છે. જેણે બધાજ ધર્મનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે તે કહે માણસના મરવાના ત્રણ કારણ હોઈ શકે ૧) વ્યક્તિનું આયુષ્ય પુરૂ થયું હોય તો, ૨) બહુ મોટી ઘાત હોય પણ તે પુકતી કાળજીથી હળી શકે છે, ૩) બેકાળજીથી વ્યક્તિ પોતાની યોગ્ય સમયે યોગ્ય કાળજી ન લેતો પણ મૃત્યુને ભેટલાનો વારો આવે કોના નસીબમાં કેટલા શ્વાસ છે. તે કહેલું ઘણું જ મુશ્કેલ છે તે માટે કાળજી જ જીવનમાં મહત્વની છે. ઘણીવાર અજ્ઞાનતાને કારણે પણ નુકસાન થઈ શકે ઘણીવાર અકસ્માતમાં લાપરવાહીને કારણે અઘટીત બેન આપણે કુટુંબમાં સમાજમાં દરેક ક્ષેત્રમાં એક બીજાની કાળજી લેવી આવશ્યક છે જાણતા અજાણતા પણ આપણાથી કોઈને દુ:ખ થયું હોય ઠેસ પહોંચી હોય તો જ્યારે પણ આપણને તે ધ્યાનમાં આવે ત્યારે માફી કે મિચ્છામી દુક્કડમ અવશ્કય કહેવું જોઈએ જેટલું મન દુ:ખ થયું હોય અને તેનો ઉપાય ન હોય તો મન દુ:ખ ગુણાકારમાં વધે અને પછી સંબંધોનો જાણકાર થાય પછી સંબંધોમાં માફી માજ્ઞ ઔપચારીક જ રહે મન જેટલું સાફ હળવું ફૂલ તેટલું સ્વાસ્થ્ય સારું રહે અને પ્રગતિ કરશે કોઈપણ બાબતમાં નસીબને માત્ર દોષ ન દેવાય ભગવાને દિલ અને દિમાગ પુરષાર્થ કરવા માટે આપ્યા છે. ઢાંક્યા કર્મની કોઈને ખબર નથી દરેક બાબતમાં કાળજી લેવી તે પણ એક પ્રકારનો પુરૂષાર્થ જ કહેવાય.

## જન્મદિવસ/એનીવર્સરી શુભેચ્છા

**વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા આપના જન્મદિવસ તથા વેડીંગ એનીવર્સરીના ફોટો પ્રકાશિત કરવામાં આવશે. નામ અને જન્મદિવસ / વેડીંગ એનીવર્સરીની તારીખ સાથે voiceofghatkopar@gmail.com પર ઈમેલ દ્વારા મોકલવાનું રહેશે.**




# ''શું ડિપ્રેશન અને ક્લિનીકલ ડિપ્રેશન ભિન્ન ભિન્ન છે (ભાગ ૫)–ગેરસમજ–૨

આગળના લેખોમાં આપણે જાણ્યું કે ક્લિનીકલ ડીપ્રેશનના ૮૦% દરદીઓ શારીરિક લક્ષણોને માથાનો દુઃખાવો, ચક્કર આવવા, છાતીમાં દુઃખાવો, નબળાઈ, શરીરમાં કળતર, પેટમાં ગેસ, અપચો, વજન ઓછું થવું, વારંવાર ગામગમણ થવી જેવા લક્ષણોને લીધે ડોક્ટર પાસે જાય છે. ભાગ ૪માં આપણે જાણ્યું કે નકારાત્મક વિચારો ક્લિનીકલ ડીપ્રેશનનું લક્ષણ છે. આ વિચારો દરદીના કાબૂમાં નથી હોતા. આ નકારાત્મક વિચારો માટે દરદીને સલાહ આપવાને બદલે મનોચિકિત્સકનો અભિપ્રાય લઈ સારવાર કરવી અગત્યની છે. આ લેખમાં અન્ય ગેરસમજ વિષે વૈજ્ઞાનિક જાણકારી મેળવીએ.

ગેરસમજ –૨ – 'વ્યક્તિ ઢોંગ કરે છે. વ્યક્તિ ખરેખર બીમાર છે. લક્ષણો દર્દી (વ્યક્તિના)' કાબૂમાં નથી. શારીરિક બીમારીની જેમ માનસિક બીમારીના લક્ષણોમાં પણ વધઘટ થાય છે.'

કેસ સ્ટડી : ૩૫ વર્ષની ઋણી નીતાને (નામ બદલ્યું છે) વારંવાર માથાનો દુઃખાવનો છઈ આવતો હતો. શરૂઆતમાં માથાનો દુઃખાવો ઓછો રહેતો હતો. જ્યારે માથાનો દુખાવો વધતો, સહન ન થાય એટલે નીતા સૂઈ જતી હતી. આથી ઘરના કામકાજ પર નકારાત્મક અસર થતી ધીમે ધીમે દુઃખાવાનું પ્રમાણ તથા સમયમાં વધારો થવા લાગ્યો ઘરનું કામકાજ બાકી રહેવા લાગ્યું.

મગજના સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન નોરમલ નોરમલ હતા. માઈગ્રેનનું નિદાન થયું. દવાથી શરૂઆતમાં ફાયદો થતો પરંતુ પછીથી દવાની અસર પર ખૂબ જ ઓછી થઈ ગઈ હતી.

અ) પતિએ નિરીક્ષણ કર્યુ કકે જ્યારે કામનો બોજો વધારે હોય ત્યારે માથાનો દુઃખાવો વધી જતો. ઘરે મહેમાન જમવા આવવાના હોય ત્યારે માથાનો દુખાવો ખૂબ વધી જતો હતો. તથા વધારે દવાઓ લેવી પડતી હતી. આથી પતિ ઘરે મહેમાનોને જમવા બોલાવવાનું ટાળતો હતો. મહેમાનોને જમવા લઈ જતો હતો.

મનોવૈજ્ઞાનિક સમજણ : કાઉન્સેલીંગના એક શેશન્સમાં નીતાએ જણાવ્યું કે પતિ નીતાની રસોઈની ભૂલો મહેમાનોની હાજરીમાં કાઢતો હતો. આથી સંવેદનશીલ નીતાનો સ્ટ્રેસ વધી જતો હતો. પછી તો જ્યારે મહેમાનો જમવા આવવાના હોય એ જાણકારીથી નીતાનો સ્ટ્રેસ વધી જતો અને અમૂક માથું વધારે દુઃખતું હતું. તથા નીતાએ શરૂઆતમાં ફિલ્મ માટે ના પાડી પણ ભાભીએ ખૂબ આગ્રહ કરતા ના છૂટકે ફિલ્મ જોવા નીતા ગઈ ફિલ્મ જોતી વખતો માથાનો દુઃખાવો લગભગ ન હતો ત્યાર બાદ હોટલમાં જમવા ગયા ત્યાં પણ નીતાનું માથું દુઃખતું ન હતું.

મનોવૈજ્ઞાનિક સમજણ : નીતાના સંબંધો એના ભાઈ ભાભી જોડે નકારાત્મક હતા. એમની હાજરી નીતાને માનસિક હુંફ આપતી હતી. જેને લીધે માનસિક સ્ટ્રેસ ઓછું થયું હતું અને માથાનો દુઃખાવો બંધ થયો.

**ગેરસમજ** : ઉપરોક્ત તથા અન્ય આ પ્રકારના પ્રસંગો પરથી પતિ તથા અન્ય કુટુંબીજનોને લાગ્યું. કે માથાનો દુઃખાવો એખ બીમારીનું નાટક છે, ઢોંગ છે નીતાને કામ કરવું નથી એટલે માથાનો દુઃખાવો થાય છે અને સૂઈ જાય છે. જો સાચે જ બીમારી હોય તો શારીરિક તપાસ તથા રીપોર્ટ બધા નોરમલ શા માટે આવે છે. મનગમતી પ્રવૃત્તિ વખતે માથનો દુઃખાવો ક્યાં ગાયબ થઈ જાય છે?

**સારવાર** : દવાઓ જોડે કાઉન્સેલીંગ દ્વારા સારવાર કરી પતિએ સમજણપૂર્વકના પોતાના વલણમાં ફેરફાર કર્યા. નીતાની ભૂલો બતાડવાની પદ્ધતિમાં ફેરફારો કર્યા. બંને એકલા હોય ત્યારે નિખાલસ ચર્ચા કરી ભૂલો બતાડવાથી નીતાના સ્ટ્રેસની માત્રા ખૂબ જ ઘટી ગઈ સારવાર બાદ મહેમાનો ઘરે જમવા આવે છે. તથા નીતાને માથાનો દુઃખાવો થતો નથી.

વૈજ્ઞાનિક પૃથક્કરણ : માનસિક સ્ટ્રેસની માત્રા જ્યારે વ્યક્તિની ક્ષમતાથી વધી જાય છે ત્યારે માનસિક બીમારી થાય છે અથવા બીમારીના લક્ષણો વધી જાય છે. સ્ટ્રેસ રસાયણો એ વખતે વધી જાય છે. જેની નકારાત્મક અસર અવયવો પર થાય છે. સ્ટ્રેસની માત્રા ઘરતાં સ્ટ્રેસના રસાયણો નોરમલ થતાં લક્ષણોમાં રાહત મળે છે.સ્ટ્રેસ ઉતપન્ન થશે કે નહીં એ પ્રસંગ કે બનાવ તથા ૨) બનાવ પ્રત્યેની વ્યક્તિની પ્રતિક્રિયા તથા પ્રતિભાવ પ્રસંગ, ભૂતપૂર્વ અનુભવો મહત્વના છે.

સ્ટ્રેસની માત્રામાં વધઘટ થતાં ડિપ્રેશનની બમારીના લક્ષણોમાં વધઘટ થાય છે. આ પ્રક્રિયા મગજના જ્ઞાનતંતુમાં થાય છે. આ પ્રક્રિયા પર વ્યક્તિનો કાબૂ હોતા નથી. લક્ષણોનું વધઘટ થવું એ નાટક નથી. ઢોંગ નથી પરંતુ બીમારીનું લક્ષણ છે.

**વલણ બદલો** : શારીરિક રોગો ડાયાબિટીસ, બ્લડ પ્રેસરમાં વધઘટ થાય ત્યારે દર્દી નાટક કરે છે. ઢોંગ કરે છે એવું આપણે માનતા નથી. પરંતુ સહાનુંભૂતિની લાગણી પ્રદર્શિત કરી યોગ્ય તબીબી સારવાર માટે દર્દીને પ્રોત્સાહિત કરીએ છીએ.

માનસિક રોગમાં લક્ષણોની વધઘટ થાય તો આપણે નકારાત્મક વલણ અપનાવીએ છીએ 'દર્દી ઢોંગ કરે છે. 'નાટક કરે છે.' એમ (ખોટી રીતે) સમજી સહાનુભૂતિપૂર્વક સારવાર કરવાને બદલે નકારાત્મક વલણ અપનાવી બીમારીમાં વધારો કરીએ છીએ.

બિહેવીયર થેરાપીની એખ સારવારની પદ્ધતિમાં ક્યાં પ્રસંગો બાદ લક્ષણો વધી જાય છે તથા ક્યાં પ્રસંગો બાદ લક્ષણો ઘટી જાય છે. એની ડાયારીમાં નોંધ રાખવાની સલાહ આપવામાં આવે છે. તથા આ નોંધનો કાઉન્સેલિંગમાં ઉપયોગ કરાય છે. સકારાત્મક વલણથઈ સારવારમાં મદદ મળે છે.

**ડૉ. મણીલાલ ગડા સિનીયર મનોચિકિત્સક**

**ડૉ. દિપ્તીશાહ (ગડા) મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**



# ક્ષમા ભાવ માનવ જીવનનું મોતી



– રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ


કહેવાય છે કે ભૂલ કરવી એ તો માનવીય સંસ્કાર છે અને ક્ષમા કરવું એ ઈશ્વરીય સદગુણ. માટે જ ક્ષમા ભાવ ને દૈવી ચરિત્ર નો એક વિશેષ ગુણ માનવામાં આવે છે. પરંતુ આ ખુબજ દુર્ભાગ્યપૂર્ણ છે કે આપણે મનુષ્યો દેવી-દેવતાઓને એમની વિશેષતા ની સાથે પૂજીએ જરૂર છીએ પરંતુ એમના સમાન ક્ષમાશીલ નથી થઇ સકતા. આનું મૂળ કારણ એ છે કે આપણી અંદર નકારાત્મકતા ના મુળિયા એટલા બધા ઊંડા હોય છે કે આપણે કોઈ કાળે મોટું દિલ રાખીને બીજાની ભૂલ ને માફ કરી જ નથી શકતા અથવા તો એમ કહીએ કે આપણી સહનશીલતા નું સ્તર ખુબજ નિમ્ન હોય છે જેના કારણે આપણે બીજાઓની ભૂલોને અવગણી નથી શકતા. પણ શું આપણો આ અભિગમ આપણે પોતે કોઈ ભૂલ કરીએ છીએ ત્યારે પણ આવો જ રહે છે ? કદાચ નહીં ! એટલા માટે પછી આપણી એ ફરજ બની જાય છે કે જયારે પણ કોઈ વ્યક્તિ મજબૂરીવશ અથવા તો કોઈક અજ્ઞાનતા ને વશ થઈને કંઈ ભૂલ કરે છે ,ત્યારે આપણે એની ભૂલને પોતાના મન માં ન રાખીને પૂર્વવત્ પ્રેમ અને આદરભાવથી એની જોડે વ્યવહાર કરીને એને હીનતા ની અથવા અપરાધ ની લાગણીનો અહેસાસ થવા ના દઈએ. આને જ સામાન્ય ભાષામાં ક્ષમા ભાવ કહેવાય છે.

સામાન્યતઃ મોટાભાગના લોકો સ્વયં પ્રતિ ક્ષમા ભાવ રાખતા હોય છે પરંતુ વાસ્તવમાં જોવા જઈએ તો આપણે અન્યોના પ્રત્યે ક્ષમા ભાવ રાખવો જોઈએ. અમુક લોકો ક્ષમા નો અર્થ પણ ખોટી રીતે ઉપાડતા હોય છે. દાખલા તરીકે , માની લો કે રસ્તે ચાલતા તમારું પાકીટ કોઈકે ખીસું કાપીને ચોરી લીધું , તો શું એની ફરિયાદ પોલીસમાં જઈને નહીં કરવાની ? શું જાતમેહનત થી કમાયેલા અમુલ્ય નાણાં ગુમાવીને આમ જ તમાશો જોવાનું નામ જ ક્ષમા છે ? જરાય નહીં ! એ ગમાંવેલા  નાણાં ને મેળવવા માટેના પ્રયત્નો કરવા આવશ્યક છે, પરંતુ આ પ્રયત્નો કરતા સમયે આપણે ફક્ત એટલું ધ્યાન રાખવું આવશ્યક છે કે આપણે પેલી વ્યક્તિના અવગુણો નું ચિંતન ના કરીએ તેમજ પોતાના મન ને દુઃખી અને અશાંત ના કરીએ. જો તે વ્યક્તિ ન્યાયાલય દ્વારા દંડનો પાત્ર બને છે તો એમાં પણ એનું જ કઈ કલ્યાણ સમાયેલ છે એવું આપણે વિચારીએ. આમ કરવાથી, પહેલા તો એને પોતાની ભૂલ મહેસુસ થશે અને બીજો ફાયદો એમ થશે કે ભવિષ્યમાં તે આ ચોરી કરવાની ખોટી આદતમાંથી મુક્ત થઇ જશે. અતઃ આવી વ્યક્તિ પ્રત્યે પણ શુભ ભાવના રાખવી એ આપણી ફરજ છે કારણકે મૂળભૂત રીતે ક્ષમા એ એક આંતરિક ભાવના છે , માટે આપણે પોતાના મનમાં બધાને પ્રત્યે શુભ ભાવના,શુભ કામના અને દિલ નો પ્રેમ રાખવો જરૂરી છે જેથી આપણું મગજ સદા શાંત અને પ્રેમળ રહે અને આપણે વેર વાળવાની આગમાં પોતાની જાતને બાળવા તેમજ અમુલ્ય સમય ને વેડફવામાંથી બચી જઈએ . યાદ રહે ! ક્ષમાભાવ થી જીવનમાં મીઠાસ આવવા લાગે છે જેના કારણે વેરભાવ, કટુતા ઈત્યાદી બધુજ સમાપ્ત થઇ જાય છે અને શ્રેષ્ઠાચારી -નિર્મળ માર્ગ ઉપર આપણી જીવન યાત્રા નો આરંભ થઇ જાય છે . તો આવો, આજ થી જ ક્રોધ, તિરસ્કાર, વેર જેવા સુક્ષ્મ અવગુણોને છોડી શાશ્વત અને દિવ્ય પ્રેમના સ્ત્રોત એવા ક્ષમાભાવ ને પોતાના જીવનમાં અપનાવીએ અને સરળ-સુખી જીવન નો લાભ લઈએ કારણકે ક્ષમા વગર આપણું કોઈ ભવિષ્ય નથી.



જન સંઘ સેવક મંચ દ્વારા સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન બાદ ગૌતમ નગર, દેવનાર પોલીસ સ્ટેશન, માનખુર્દના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મંચના ઈશાન્ય મુંબઈ જિલ્લા અધ્યક્ષા ડિમ્પલ પંડ્યા તથા સ્વયં સિદ્ધ નારી પ્રતિષ્ઠાન અને સહકારીઓ સુભાષભાઈ શાહ, શિલ્પા ભાવસાર, પ્રિતી મિસ્ત્રી, તેજલ મહેતા, હિના ભટ્ટ, મીના ચાંબર, રમેશ ધોલપ, સાદિક શેખના હસ્તે પેન્સિલ, રબર, કલર અને માસ્ક વિતરણ કરવામાં આવેલ.





વોઈસ ઓફ ઘાટકોપર
# ક્લાસિફાઈડ્સ
એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

–: ઓફિસ :–

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ). સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪ voiceofghatkopar @gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– સંચાલક

## આરોગ્ય

ALLSTAR Shipping Offers Packing and Shifting of House Hold Goods Anywhere In India & Abroad. **Contact : 9867572251.** (1717)529

## મનોરંજન

**Jalsa Event**

Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

## ધંધાદારી

**દેશ વિદેશ કુરિયર 24x7**

ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)529

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**

૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી – ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

## રીઅલ એસ્ટેટ

**Tirupati Realtors**

Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**શૈલેષ વોરા**

**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

## નોકરી સંબંધી

**OPPORTUNITY !!**

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

## મહિલા માટે

**WOMEN START EARNING**

10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (1812)539

**ઈમિટેશન જ્વેલરી**

સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.**(1781)536

**ભાડા પર કપડા**

ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મળશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (P)545

## રીઅલ એસ્ટેટ

**GHATKOPAR**

FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**

ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે

**ચિંતન દેસાઈ**

**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**

**9321234567**

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર, મુલુંડથી માટુંગા**

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.**

## લગ્ન સંબંધી

**યુનિક સગપણ માહિતી કેન્દ્ર**

(યુનીક ગ્રુપ, ચેમ્બુર-ઘાટકોપર) જૈન, વૈષ્ણવ, મારવાડી, ગુજરાતી તથા બધી જ જ્ઞાતીના ઉમેદવાર (કેન્ડીડેટ) લગ્ન માટેનું સચોટ ઠેકાણું. મુકેશ મહેતા : **: 9920014557.** (B-522)

**વોઈસ ઓફ ઘાટકોપરમાં સ્પેશીયલ ફીચર માટે સંપર્ક - સીંજલ કોઠારી 8655185667**

**સુવર્ણ તક** માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી

**સુવર્ણ તક** માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક

નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો

**MEHTA ENTERPRISES**

10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.

**9967421409 / 8291440870 / 7623901554**

# RH એસો. ના ભાગીદારના આગોતરા જામીન નકારી કઢાયા

## ગોરેગાવવાસી રાજેશ શાહની ફરિયાદ પરથી ૬ ભાગીદારો સહિત ૮ સામે છેતરપિંડીનો ગુનો

કચ્છી સમાજના દેવાદારો પાસેથી નાણાં કઢાવવા માટે શરૂ કરાયેલા કચ્છી સહિયારું અભિયાન હેઠળ રાજેશ મનહર શાહ દ્વારા ૧૭ જુલાઈના આર.એચ. એસોસિયેટ્સના છ ભાગીદાર અને તેમના બે સંબંધીઓ સહિત રોકાણ કંપની સાથે સંકળાયેલા આઠ વ્યક્તિ સામે છેતરપિંડીનો કેસ દાખલ કર્યો હતો. પછી આર.એચ.એસોસિયેટ્સના ભાગીદાર રમણિકલાલ દેઢિયાનો પુત્ર જયેશ દેઢિયાએ એમપીઆઈડી (મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટ્ર્સ એક્ટ) સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જોકે કોર્ટ દ્વારા તેમના આગોતરા જામીન ૧૯ ઓગસ્ટે નામંજૂર કરવામાં આવ્યા હતા.

એડવોકેટ ચેતન આર શાહ અને તેના પરિવારના સભ્યો દ્વારા જયેશ દેઢિયાની આગોતરા જામીન અરજીનો વિરોધ કરવા માટે દરમિયાન ગીરીની અરજી કરી હતી. એડવોકેટે ફાઈળ કરેલી દરમિયાનગીરી અરજી ચેતન આર.શાહ દ્વારા તેના વકીલ રાકેશ અગ્રવાલને સેશન્સ કોર્ટે મંજૂરી આપી હતી. દરમિયાનગીરીની અરજીમાં આ હકીકત તરફ ધ્યાન દોર્યું હતું (જે જયેશ દેઢિયા દ્વારા જાહેર કરવામાં આવ્યું નહોતું) કરે જયેશ દેઢિયાએ અશ્વથા ડેવલપર્સમાં લહેરચંદ મેઘજી શાહ, ભારતી હેમંત છેડા, જિજ્ઞેશ કુલીન ગાલા, મુકેશ અમૃતલાલ પટેલ અને જિજ્ઞેશ મહેન્દ્ર મજેઠિયાની સાથે ભાગીદાર છે અને તેનો ૩૫% હિસ્સા છે.

તપાસ દરમિયાન, ઈએડબ્લ્યુને જાણવા મળ્યું કે, જયેશ તેના પરિવારના સભ્યોએ તેમની માલિકીની વિવિધ સંપત્તિ વેચી દીધી હતી. જોકે આવા વેચાણ દ્વારાનાણાંનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો હતો તે જયેશ દ્વારા આર્થિક ગુના શાખાને જણાવ્યું નહોતું કે તેની વિગતો આપી નથી.

સેશન્સ કોર્ટે ૧૦મી ઓગસ્ટે જણેશ દેઢિયાને વચગાળાના જામીન આપી દીધી હતા અને તેમને દરરોજ બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી તપાસ અધિકારી સમક્ષ હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો. એ પછી આખરી સુનાવણીમાં સેશન્સ કોર્ટે તેના ૧૯મી ઓગસ્ટના હુકમ મુજબ જયેશ દેઢિયાની આગોતરા જામીન અરજી નામંજૂર કરી અને ૧૦મી ઓગસ્ટે પસાર કરેલા વચગાળાના આદેશને ચાલુ રાખવાનો ઈનકાર કર્યો હતો.

જોની શાહ અને પંકજ ગડાએ આંદોલન અને ફરિયાદ કરવાની આ મામલે શરૂઆત કરી હતી. એ પછી કેટલાક રોકાણકારોએ કહ્યું હતું કે, અત્યાર સુધીમાં ૧૫૦ રોકાણકારો આર્થિક ગુના શાખામાં ફરિયાદ કરવા આગળ આવ્યા છે. જાણીતા ગુજરાતી દૈનિકમાં ઉપરોક્ત સમાચારો પ્રકાશિત થયા બાદ ચર્ચાનો માહોલ નિર્માણ થયો હતો.

# શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા મેડિકલ પ્રવૃત્તિઓની હવે સંપૂર્ણ રીતે સોમવારને તા. ૧૭-૮-૨૦૨૦ થી પહેલાંની જેમ કાયરત થશે. પેથોલોજી વિભાગ સવારે ૮ થી ૧૨ સુધી રહેશે. ફીઝીશયન ડૉક્ટર દ્વારા તપાસ કરીને જરૂરી દવા પ્રીસ્ક્રાઈબ કરવામાં આવશે સમય: સવારે ૧૦ થી ૧૨ સુધી. ફીજ્યોથેરેપી વિભાગ સમય: સવારે ૧૦ થી ૧, સાંજે ૨ થી ૬ સુધી રહેશે. ડેન્ટલ વિભાગ: સમય સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬. આઈ ક્લિનીક તેમજ નિષ્ણાત ડૉક્ટરોની સેવાઓ પણ પહેલાંની જેમ કાયેરત થઈ રહી છે. ફીજ્યોથેરપી તેમજ ડેન્ટલ સેવાઓની પૂછપરછ માટે ૨૫૦૧૨૦૭૧,૨૫૦૧૦૯૪૬ ઉપર તેમજ મેડિકલ સેન્ટરના નંબર ૨૫૦૧૨૨૨૪૫ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.




## જ્યોતિષ - પ્રકાશ જોષી

મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

Email : prakasjoshi@gmail.com


**મેષ (અ,લ,ઈ)** : બધા જ કૌટુંબિક સભ્યો પોતપોતાની રીતે વર્ગતા જોવા મળે. સંતાનો પોતાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા જણાય. સહાસ સટ્ટા શેર વાયદા તરફ વધરો આકર્ષણ થતું જોવાય. ઘરમાં જરૂરીયાત પ્રમાણે નાણાંનો વધારાનો ખર્ચ ઉઠાવવો પડે. ભાગીદાર/જીવનસાથી પોતાની સાથે સાથે ઘરેલું અને ઓફીસના વધારાના કામો પણ પાર પાડે ભ્રાતૃકલનું પ્રમાણ ન વધે તે અંગે સંભાળવું.

**વૃષભ (બ,વ,ઉ)** : સ્વાસ્થ્ય સારું રહે તેજ પ્રમાણે આવકનું સ્તર જળવાઈ રહે છતાં આક્રોશ ગુસ્સાનું પ્રમાણ પણ વધારે રહેતું જણાય. આહાર વિહાર પર પુરતું ધ્યાન આપવું જરૂરી છે. ડાયાબીટીસ-બ્લડપ્રેશર અંગે સંભાળવું અત્યંત જરૂરી છે. કામકાજો ઉકેલાઈ જવા છતાં પણ કોઈને કોઈ કુટ પ્રશ્નનો ઉકેલ મેળવવા પ્રયત્નો કરતા રહેવું પડે. નાણાં મેળવવા પ્રવાસનું આયોજન કરવામાં સમય વ્યતીત કરવો પડે.

**મિથુન (ક,છ,ઘ)** : કામ કરવામાં હામભીડો છતાં પણ કામ થઈ શકે કે કરી શકશો તે અંગે અવઢવ ઉભી થઈ શકે છે. આનંદનું પ્રમાણ વધારે અનુભવાય અને સત્ય તરફ વધારે આકર્ષણ અને ધ્યાન કેન્દ્રીત કરતાં જણાવ. આવકનું પ્રમાણ વધારો થઈ શકે છે. દેશાવર-મથક-પરદેશની ઉઘરાણીની આવકનું પ્રમાણ વધવાથી નાણાંકીય રાહત અને આશ્રય મળી રહે વ્યવહારો સચવાઈ જવાથી રાહત રહે.

**કર્ક (ડ,હ)** : પરિસ્થિતિ અનુકુળ નહોવા છતાં માર્મીક ભાષાનો ઉપયોગ કરવો પડે. મથક-દેશાંવર-પરદેશમાં રોકાયેલા નાણાં પરત મળવાની શક્યતા નાણાંકીય રાહત મેળવવાના સંકેત આપી જાય. ઘરના સભ્યો અને લાગતા વળગતી વ્યક્તિઓ તરફ લાગણીનું પ્રમાણ વધારે રહેતું જોવાય. મોજમજા વચ્ચે માતા માટે લાગણી વધારે રહેતી જોવાય. મિત્રો સાથે સમય પસાર કરવો પડે અને ધ્યાન આપવું પડે.

**સિંહ (મ,ટ)** : પિત્ત પ્રકૃત્તિનો અતિરેક ઘરેલુ સભ્યોનો અને તમારા સ્વાસ્થ્ય પર ઓછી અસર કરે તે પ્રમાણે આહાર વિહાર રાખવો અત્યંત જરૂરી છે. તહેવારોમાં મિઠાઈનું પ્રમાણ સમતોલ રાખવું અન્યના ડાયાબીટીસ ઉથલો મારી શકે છે. સ્વાસ્થ્યમાં મેદસ્વીતા તથા સ્વભાવની રંગીનતા વધતી જોઈ શકાય છે. આકસ્મિક કોઈ અજાણ્યા સાથે આંખમીચોલી અને પ્રેમાલાપ થવા અંગે શક્યતા રહે.

**કન્યા (પ,ઠ,ણ)** : કામના વધારાના ભારણને કારણે કામ ઉકેલવા તરફ વધારે લક્ષ આપવું અત્યંત જરૂરી થાય. મુસાફરીમાં કાળજી રાખવી જરૂરી છે. પિત્ત પ્રકૃત્તિની અસરને કારણે ઉગ્રતા વધારે આવતી જોવાય. કામ ધીમી ગતિએ આગળ વધવાની શક્યતા રહે. સરકારી કામકાજો ટલ્લે ચડતા જોવાય. ભાગીદાર-જીવનસાથી તેમની ભાગ્યના સથવારે સારી આવક પ્રાપ્ત કરી શકે છે. સહાસ-સટ્ટામાં લાભની શક્યતા જોવાય.

**તુલા (ર,ત)** : ભાગ્ય કામ કરતું હોવાનો અનુભવ થાય. આહાર-વિહાર પર પુરતું ધ્યાન આપી ડાયાબીટીસ-બ્લડપ્રેસરને નિયંત્રણમાં રાખવું અત્યંત જરૂરી છે. કામકાજ અને ચાલુ પ્રવૃત્તિઓ સરળતાથી ચાલતી જોવાય. જીવનસાથી-ભાગીદાર પર મંત્ર-તંત્ર-મારણ-ઉચ્ચાટન થવાની શક્યતા જણાય. અચાનક સ્વાસ્થ્ય ન બગડે અને બગડે તો ત્વરિત ઈલાજો માટે દવા-દારૂ હાથવના રાખવાથી ઝડપી રાહત મળી રહે.


**વૃશ્ચિક (ન,ય)** : સ્વાસ્થ્ય જળવાઈ રહે. ભાગીદાર-જીવનસાથીના આક્રોશનો ભોગ ન બનવું પડે તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. કામકાજો અંગે યાત્રા-પ્રવાસ-જાત્રા વગેરેના આયોજનો થઈ શકે છે. ભાગ્યના સથવારે આવકનું સ્તર જળવાઈ રહેતા રાહતનો અનુભવ લઈ શકાય. સરકારી કામકાજોમાં પ્રગતી થતી જોવાય. સકર્મી હાથ નીચની વક્તિઓ સાથે બોલાચાલી અંગે સંભાળવું અત્યંત જરૂરી છે. હિંમત વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : ભાગ્યની સક્રિયતાનો અનુભવ થઈ શકે છે. વ્યાપાર ધંધામાં આવેલી રૂકાવટ ઓછી થવાના અણસાર મળતા લાભોથી જાણ શકાય. મિત્રો-સ્નેહીઓ-સંબંધીઓ સાથે સમય પસાર કરવાની તક મળવી મુશ્કેલ જણાય. તેઓ તેમની પ્રવૃત્તિમાં વધારે વ્યસ્ત રહેતા જણાય. ચાલુ કામકાજો સિવાયની આવકમાં અવરોધો ઉભા થઈ શકે છે. હરીફો-હિતશત્રુઓની પ્રવૃત્તિ અને પ્રપંશોની અસર ઓછી થતી જોવાય.

**મકર (ખ,જ)** : ભાગીદાર-જીવનસાથી પર માંત્રિક તાંત્રિક મેલી વિદ્યાના પ્રયોગોની શક્યતા વિશેષ રહેતી જોવાય. નભો મંડળમાં સારી ગ્રહસ્થિતિનો લાભ મળી શકે છે. છતાં શયન અંગેની સ્થિતિ અજંપા ભરેલી રહેતી જોવાય. મોજ શોખ-વિલાસ-વૈભવની પ્રવૃત્તિઓનું પ્રમાણ વધારે રહેતું જોવાય. ઘરેલું વાતાવરણ આનંદિત અને સારુ રહેતા મન પ્રફુલ્લિત રહેતું જોવાય. કામકાજો સારી રીતે પાર પડતા તે અંગે રાહત જણાય.

**કુંભ (ગ,સ,શ,ષ)** : પિત્ત પ્રકૃત્તિનો પ્રકોપ વધતો જોવા મળે. સામાજીક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા આયોજનો કરવા પડે અથવા સંચાર માધ્યમોનો વધારે ઉપયોગ કરવાની પ્રવૃત્તિ વધારે રહેતી જોવાય. સંતાનોની વૃત્તિ-પ્રવૃત્તિ અકળ રહેતી જણાય માનસિક રીતે અજંપાનો અનુભવ થઈ શકે. છતાં સુખનો અનુભવ મળવો શક્ય થાય છે.

**મીન (દ,ચ,ઝ,થ)** : ભાગ્યનો સાથ સહકાર નાણાંકીય આવક વધારવામાં સહાય્યક પુરાવાર થાય. જીવનસાથી-ભાગીદારનો આક્રોશ પ્રમાણમાં વધારે રહેતો જોવાય. ઘરેલું ખટપટમાં વધારો થવાનો અણસાર મળે. સંતાનોને આનંદ પ્રમોદ માટે વધારાના નાણાં પુરા પાડવા અંગે આયોજન કરવું આવશ્યક થાય છે. ઘરેલું આનંદ ઉલ્લાસનું પ્રમાણ વધારે રહેતું જોવાય ઉત્સવનો આનંદ મેળવવા સમય ફાળવવો પડે.




## શ્રીમદ્ રાજચંદ્ર વિચાર રત્નો

- સંકલન : વિજય બોટાદરા

● અહો! મને તો કૃતઘ્ની જ મળતા જણાય છે, આ કેવી વિચિત્રતા છે.

● મારા પર કોઈ રાગ કરો તેથી હું રાજી નથી, પરંતુ કંટાળ આપશો તો હું સ્તબ્ધ થઈ જઈશ અને એ મને પોસાશે પણ નહીં.

● હું કહું છું એમ કોઈ કરશો? મારું કહેલું સઘળું માન્ય રાખશો? માર કહેલાં ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો? હા હોય તો જ હે સત્પુરૂષ! તું મારી ઈચ્છા કરજે.

● સંસારી જીવોએ પોતાના લાભને માટે દ્રવ્યરૂપે મને હસતો રમતો મનુષ્ય લીલામય કર્યો!

● દેવ દેવીની તુષમાનતાને શું કરીશું? જગતની તુષમાનતાને શું કરીશું? તુષમાનતા સત્પુરૂષની ઈચ્છો.

● હું સચ્ચિદાનંદ પરમાત્મા છું.

● એમ સમજો કે તમે તમારા આત્મના હિત માટે પરવરવાની અભિલાષા રાખતા છતાં એથી નિરાશા પ્રાપ્ત થઈ તો તે પણ તમારૂ આત્મહિત જ છે.

● તમારા શુભ વિચારમાં પાર પડો, નહી તો સ્થિર ચિત્તથી પાર પડ્યા છો એમ સમજો.

● જ્ઞાનીઓ અંતરંગ ખેદ અને હર્ષથી રહિત હોય છે.

● જ્યાં સુધી તે તત્તવની પ્રાપ્તિ નહીં થાય ત્યાં સુધી મોક્ષની તાત્પર્યતા મળી નથી.

● નિયમ પાળવાનું દ્રઢ કરતાં છતાં નથી પળતો એ પૂર્વકર્મનો દ ગોષ છે એમ જ્ઞાનીઓનું કહેવું છે.

● સંસારરૂપી કુટુંબને ઘેર આપણો આત્મા પરોણા દાખલ છે.

● એ જ ભાગ્યશાલી કે જે દુર્ભાગ્યશાલીની દયા ખાય છે.

● શુભ દ્રવ્ય એ શુભ ભાવનું નિમિત્તે મહર્ષિઓ કહે છે.

● સ્થિર ચિત્ત કરીને ધર્મ અને શુક્લ ધ્યાનમાં પ્રવૃત્તિ કરો.

● પરિગ્રહની મૂર્ચ્છા પાપનું મૂળ છે.

● જે કૃત્ય કરવા વખતે વ્યામોહસંયુક્ત ખેદમાં છો, અને પરિણામે પણ પસ્તાઓ છો, તો તે કૃત્યને પૂર્વકર્મનો દોષ જ્ઞાનીઓ કહે છે.







Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 13 ● અંક : 31 ● સળંગ અંક : 518● મુંબઈ ● શુક્રવાર ● તા.21 ઓગસ્ટ – 27 ઓગસ્ટ 2020 ● પાના : 16+4=20

ઘાટકોપર ઈસ્ટ વિધાનસભા વિશેષ પૂર્તિ



# સાંસદ મનોજ કોટક અને વિધાનસભ્ય પરાગ શાહની વિદ્યાવિહાર રોડ ઓવર બ્રિજના વિલંબ અંગે અધિકારીઓ સાથે મુલાકાત





ઈશાન્ય મુંબઈના સાંસદ મનોજ કોટક દ્વારા ઘાટકોપર વિદ્યાવિહારનાં વર્ષોથી પેંન્ડિગ અને મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ વિદ્યાવિહાર રોડ ઓવર બ્રિજનાં વિલંબ અંગે રેલ્વેના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. આ પ્રસંગે ઘાટકોપર ઈસ્ટના વિધાનસભ્ય પરતા શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

સાંસજ મનોજ કોટક બુધવાર તા. ૧૯ ઓગસ્ટનાં સવારે વિદ્યાવિહાર રેલ્વે સ્ટેશન (ઈ) પર મુંબઈ મહાનગર પાલિકા અને રેલ્વે અધિકારીઓ સાથે વિદ્યાવિહાર રોડ ઓવર બ્રિજ (આર ઓબી)ના નિર્માણ કાર્યમાં થઈ રહેલા વિલંબનો મુદ્દો તથા તેને લીધે રહેવાસીઓ અને વિદ્યાર્થીઓને થઈ રહેલી અગવડના નિરાકરણ માટે બેઠક યોજી હતી.

આ બેઠકમાં મુંબઈ મનપાના અધિકારીઓએ જણાવ્યું હતું કે રેલ્વે તરફથી આ પુલનો નકશો મળ્યા બાદ પુલનું નિર્માણ કાર્ય શરૂ થઈ જશે. સાંસદ મનોજ કોટકે રેલ્વે અધિકારીઓને ૭ દિવસની અંદર આ ભુલના નકશાને મહાનગરપાલિકાને સુપરત કરવા સૂચના આપી હતી અને નકશો મળ્યા બાદ મહાનગર પાલિકાએ ઝડપથી કામ શરૂ કરવું જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે લોકડાઉન બાદ લોકોની અને વાહનોની અવરજવર ઓછી હોવાને લીધે અહીંના



સ્કાયવૉકને તોડવાનું કામ પૂરજોશમાં હાથ ધરવામાં આવ્યું હતું. આ સમયે નગર સેવિકા બિંદુ ત્રિવેદી, ભાલચંદ્ર શિરસાર, પ્રવિણ છેડા પણ ઉપસ્થિત રહેલ.




૩ જુલાઈ ૨૦૨૦ના વોઈસ ઑફ ઘાટકોપરમાં આરઓબીના સમાચાર





# ઘાટકોપર પૂર્વના ભાજપા કાર્યાલયે વિધાનસભ્ય પરાગ શાહ દ્વારા સ્વતંત્રતા દિવસ નિમિત્તે વિધાનસભ્ય તરીકે પ્રથમ વખત ધ્વજારોહણ





ઘાટકોપરમાં ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની વિવિધ સ્થળોએ ઉજવણી કરવામાં આવી હતી. સરકાર દ્વારા જાહેર કરાયેલ ગાઈડલાઈન્સને ધ્યાનમાં રાખીને જે જે સ્થળોએ ધ્વજવંદનના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા તે તે સ્થળોએ સોશ્યલ ડિસ્ટન્સીંગ સહિત સાદાઈ પૂર્વક ધ્વજવંદન કરવામાં આવેલ.

ભારતીય જનતા પાર્ટીના ઘાટકોપર ઈસ્ટના કાર્યાલયે દર વર્ષે સ્વતંત્રતા દિવસ નિમિત્તે વિસ્તારના નાગરિકો તથા મોટા પ્રમાણમાં કાર્યકર્તાઓ ધ્વજવંદનના કાર્યક્રમોમાં જોડાય છે. આ વર્ષે કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને મુખ્ય કાર્યકર્તાઓ તેમજ આ વિસ્તારના વિધાનસભ્ય પરાગ શાહ ધ્વજવંદન માટે ઉપસ્થિત રહેલ.

વિધાનસભ્ય તરીકે પરાગ શાહ દ્વારા પ્રથમ વખત ભાજપા કાર્યાલયે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરસેવિકા બિંદુ ત્રિવેદી, નગરસેવક ભાલચંદ્ર શિરસાટ અને ભાજપા ઈશાન્ય મુંબઈના અધ્યક્ષ અશોક રાય વગેરે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



વિધાનસભ્ય પરાગ શાહ, સંસદ સભ્ય ગોપાલ શેટ્ટીના પ્રયત્નોથી પાવનધામ ખાતે શરૂ કરાયેલ કોવિડ કેર સેન્ટરની તાજેતરમાં વિરોધી પક્ષ નેતા દેવેન્દ્ર ફડણવીસ તથા વિધાનસભ્ય મંગલ પ્રભાત લોઢાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.



ભારતરત્ન અટલબિહારી વાજપેયીની દ્વિતીય પુણ્યતિથી નિમિત્તે રવિવાર તા.૧૬ ઓગસ્ટના આણંદજી લેન ખાતે આવેલ ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયે વિધાનસભ્ય પરાગ શાહ, નગરસેવિકા બિંદુ ત્રિવેદી, પ્રવીણ છેડા તથા ભાજપા કાર્યકર્તાઓ દ્વારા અટલજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.




# વિધાનસભ્ય પરાગ શાહના જન્મદિને શુભેચ્છકો દ્વારા જન્મદિવસના વધામણાં

















